સૌરાષ્ટ્ર આસપાસ

ગરીબોને છેહ : સરકારની નીતિને ઘોળીને પી જતું 'ઔડા'

રાજ્ય સરકારે ૧૯૮૭માં ગરીબોને ૨૫ વારના પ્લોટ ફાળવવાનો નિર્ણય કર્યો જે ૧૯૯૯માં રદ કરીને તેની સામે સુવિધાપૂર્ણ આવાસો બાંધી આપવાની નીતિ અમલમાં મુકેલ જેનો અમલ ગુજરાત હાઉસિંગ બોર્ડ, મહાનગરપાલિકાઓ તેમજ શહેરી વિકાસ સત્તા મંડળો જેવી એજન્સીઓ નક્કી કરવામાં આવી હતી અને હાલ અમલમાં છે પરંતુ સરકારની પ્રિય એવી 'ઔડા' દ્વારા બાંધવામાં આવતા આવાસોમાં ગરીબો માટે આવાસનો છેદ ઉડાડી દેવામાં આવ્યો છે. ઔડા સરકારની નીતિને ઘોળીને પી ગઈ છે અને સરકારની આબરૂના લીરા ઉડાવ્યા છે જે આવનાર સમયમાં સરકારને માટે નુકસાનરૂપ બની રહે તે પહેલા સરકાર જાગી જાય તે ખુબ જ જરૂરી છે. નહિ તો ગરીબોની સરકાર ગરીબોના નામે જે સુત્રો પોકારે છે, યોજનાઓ જાહેર કરે છે તે માત્ર કાગના વાઘની જેમ કાગળ પરની જ જાહેરાતો બની રહેશે. આ બાબત પ્રાપ્ત માહિતી અનુસાર તા.૩૦-૦૫-૮૭થી ગરીબોને વ્યકિતગત ધોરણે ૨૫ વારનાં પ્લોટ આપવાની યોજના અમલમાં મુકવાનું ઠરાવેલ ત્યાર બાદ શહેરી જમીન ટોચ મર્યાદા ધારો રદ કરવામાં આવેલ અને શહેરી ગરીબોને ૨૫ ચો.મી.નાં પ્લોટ સામે સુવિધાપૂર્ણ આવાસો બાંધી આપવાની નીતિ અમલમાં મુકી તેનો અમલ કરવાની જવાબદારી ગુજરાત હાઉસિંગ બોર્ડ, મહાનગરપાલિકાઓ તેમજ શહેરી વિકાસ સત્તામંડળો જેવી એજન્સીઓને સોંપવામાં આવી હતી. આ યોજના અમલમાં આવ્યા બાદ અનેક પ્રશ્નો ઉભા થયા હતા. જેથી જે અરજદારોએ અગાઉ અરજી કરી પ્લોટની કબજા કિંમત સરકારી તિજોરીમાં જમા કરાવેલ હોય તેવાઓને જે તે આવાસ યોજનામાં અરજી કરવા સાથે રૂપિયા ભર્યાના પુરાવા રજૂ કરવા નિર્ણય કરેલ જેથી આવા અરજદારોને આવાસો ફાળવ્યા બાદના બાકી આવાસો માટે ડ્રો કરી આવાસો ફાળવવા નીતિ અમલમાં મુકી હતી અને સરકારે પરિપત્ર જે-તે સંબંધિત એજન્સીઓને તથા તંત્ર વાહકોને મોકલી આપેલ જેમાં એક યા બીજા કારણોસર નાયબ/અધિક કલેક્ટર અથવા કલેકટરોએ નિમેલ સમિતિ તરફથી લાભાર્થીઓની યાદી ગૃહ નિર્માણની અમલીકરણ એજન્સીઓ ગુ.હા.બોર્ડ, કોર્પોરેશન સત્તામંડળો વગેરેને સંકલનના અભાવે સમયસર અગ્રતા ક્રમે મકાનો ફાળવવાની બાબત લટકી પડી હતી. જેના કારણે કોર્ટમાં પીટીશન પણ થઈ હતી. જેમાં કોર્ટે છ માસમાં અગ્રતાધોરણે ૨૫ ચો.મી. પ્લોટ ફાળવી દેવા નિર્દેશ આપેલ. કોર્ટનાં નિર્દેશ બાદ રાજ્ય સરકારે જે લાભાર્થીઓએ સરકારમાં નાણા જમા કરાવેલ તે અરજદારોને અગ્રતાક્રમે સુવિધાપૂર્ણ આવાસ ફાળવવાનો નિર્ણય કરી તમામ હાઉસિંગ એજન્સીઓને જાણ કરતા ગુ.હા.બોર્ડ, મહાનગરપાલિકાઓએ સરકારના નિર્ણયનો અમલ કર્યો પરંતુ ઔડાએ સરકારના નિર્ણયનો અમલ ન કરી પરિપત્રના ચીંથરા ઉડાડી મુક્યા છે. તાજેતરમાં ઔડા દ્વારા જે આવાસ યોજનાની જાહેરાત કરી છે તેમાં સરકારી નિર્ણયમાં જે લાભાર્થીને લાભ આપવાના છે તેનો કોઈ જ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. જેથી ગરીબ લાભાર્થીઓને નુકશાન થશે અને સરકારને પણ ભવિષ્યે નુકશાન થશે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૪, શાલિવાહન શક-૧૯૪૦, વીર સંવત-૨૫૪૪, ઈસ્લામીક સંવત-૧૪૩૮, તા.૧૨/૧૦/૨૦૧૮, શુક્રવાર, આસો સુદ-૪,ત્રીજુ નોરતુ
સૂર્યોદય-૬-૩૬, સૂર્યાસ્ત-૬-૧૬, જૈન નવકારશી-૭-૨૯
આજની રાશિ : વૃશ્ચિક (ન.ય.) નક્ષત્ર : વિશાખા

શુભ ચોઘડીયા	શુભ હોરા
૬-૪૩થી ચલ-લાભ-અમૃત -૧૧-૦૬ સુધી,૧૨-૩૪ થી શુભ-૧૪-૦૧ સુધી, ૧૬-૫૬થી ચલ-૧૮-૨૪ સુધી	૬-૪૩ થી ૭-૩૮ સુધી, ૧૦-૩૭થી ૧૧-૩૫ સુધી, ૧૩-૩૨ થી ૧૬-૨૭ સુધી, ૧૭-૨૬થી ૧૮-૨૪ સુધી

આજનું રાશિફળ

- **મેષ(અ.લ.ઈ.)**:-મહત્વની વ્યકિતની મુલાકાતથી ધંધામાં અનુકુળતા વધે. કેમીકલ્સ જેવી લાઈનમાં વિશેષ સફળતા રહે.
- **વૃષભ(બ.વ.ઉ.)**:-જુના કર્જના પ્રશ્નો પરત્વે ધ્યાન દેવાથી લાભ નવી ઉધારી ન કરવી પરિવારના સભ્યો સાથે પ્રવાસ થાય.
- **મિથુન(ક.છ.ઘ.)**:-ભાગીદારો સાથે નવા આયોજન બાબતની ચર્ચા થાય સફળતા માટે વધુ મહેનત કરવી પડે રાજકીય લાભ.
- **કર્ક(ડ.હ.)**:-મહત્વના નિર્ણયો બાબત ઉતાવળ ન કરવી અધિકારી વર્ગનો સહકાર રહે. મિલ્કતથી લાભ મલવાનો.
- **સિંહ(મ.ટ.)**:-લખાણના કાર્યમાં સફળતા વાળો દિવસ જવાનો વિજાતીય સંબંધો ગાઢ બનવાના વિદેશથી લાભ.
- **કન્યા(પ.ઠ.ણ.)**:-નવી જવાદદારીઓ લેવાથી દૂર રહેજો નોકરીમાં બદલીની શકયતા ઉભી થવાની ગુસ્સો ટાળજો.
- **તુલા(ર.ત.)**:-પરિવારના પ્રશ્નોમાં સફળતા મલવાની કોઈ ન ધારેલી વ્યકિતનો સહકાર રહે. પરિવારમાં માંગલીક પ્રસંગો ઉભા થાય.
- **વૃશ્ચિક(ન.ય.)**:-આપને મનગમતી વ્યકિતની મુલાકાત થાય રોજીંદા કાર્યને વળગી રહેજો કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો.
- **ધન(ભ.ધ.ફ.ઢ.)**:-આપને નવા કરારોમાં કોઈ ઉતાવળ ન કરવી કાર્યભાર ટાળજો નાણાકીય બાબતોમાં સર્તકતા રાખવી જરૂરી રહે.
- **મકર(ખ.જ.)**:-આપને વ્યર્થ વાદ-વિવાદ ટાળજો સામાજીક પ્રતિષ્ઠા જળવાઈ રહે. સગાઈ લગ્નના કાર્યોમાં અનુકુળતા વિદશેથી લાભ.
- **કુંભ(ગ.શ.સ.)**:-આપને કારણ વગરનો માનસિક તનાવ રહેવાનો શેર સટ્ટામાં જાળવવું ધાર્મિક કાર્યમાં સફળતા રહે.
- **મીન(દ.ચ.ઝ.)**:-આપને મિલ્કતના પ્રશ્નોમાં સફળતા રહેણાંકના મકાનમાં લકઝરી ફેરફારોની ઈચ્છા ફળવાની રાજકીય લાભ મલવાની.

હજુ અભિનેત્રી માટે કોમિક રોલ વધારે નથી

યર્ચિત યહેરા

બોલિવુડમાં યુવા પેઢીની લોકપ્રિય અભિનેત્રી પરિણિતી ચોપડા નક્કરપણે માને છે કે બોલિવુડની ફિલ્મોમાં અભિનેત્રીઓ માટે કોમેડી રોલ ખુબ ઓછા લખવામાં આવે છે.

વિતેલા વર્ષોમાં અભિનેત્રીઓ માટે સારા રોલ લખવામાં આવતા હતા. જો કે હવે અભિનેત્રી માટે આ પ્રકારના રોલ લખાતા નથી. તેનુ કહેવુ છે કે વર્ષો બાદ રોહિત શેટ્ટીની ફિલ્મ ગોલમાલ અગેઈન કરીને તે ખુબ ખુશ છે.

કોમેડી ફિલ્મ તમામ લોકોને પસંદ પડે છે. આવી સ્થિતીમાં અભિનેત્રીઓ માટે કોમેડી રોલ લખવામાં આવે તેમ તે પોતાની રીતે માને છે.

૨૮ વર્ષીય પરિણિતી હાલમાં અનેક ફિલ્મમાં કામ કરી રહી છે. જેમાં અર્જુન કપુરની સાથે તેની બે ફિલ્મ છે. બીજી બાજુ અક્ષય કુમારની સાથે તે 'કેસરી' નામની ફિલ્મમાં કામ કરી રહી છે.

તેનુ કહેવુ છે કે વિતેલા વર્ષોમાં હેમા માલિની, શ્રીદેવી, જુહી ચાવલા, કરિશ્મા કપુર અને અન્ય કેટલીક અભિનેત્રી સારી કોમેડી ફિલ્મો કરી ચુકી છે.

જો કે આજે કોમેડી ફિલ્મ અને રોલના અભાવ દેખાઈ રહ્યા છે. પ્રથમ વખત પરિણિતી ચોપડા અજય દેવગનની સાથે જોડી જમાવી ચુકી છે. પરિણિતી પાસે અન્ય કેટલીક સારી ફિલ્મો પણ છે. જેમાં તે સુશાંત રાજપુતની સાથે રણ કામ કરી રહી છે.

પરિણિતી ચોપડા માને છે કે તેની બહેન પ્રિયંકા ચોપડા બોલિવુડના કલાકારો માટે હવે ગર્વ સમાન બની ગઈ છે.

તે હોલિવુડ ફિલ્મો અને અમેરિકી સિરીઝમાં પણ લોકપ્રિય રહી છે. અભિનેત્રી પરિણિતી ચોપડા કહે છે કે અજય દેવગન જેવા સુપરસ્ટાર સાથે કામ કરીને તે ખુબ ખુશ છે. પરિણિતી ચોપડાની સૌથી વધારે ફિલ્મ અર્જુન કપુરની સાથે છે. જો કે હવે તે અક્ષય કુમાર જેવા સુપર સ્ટાર સાથે કામ કરી રહી છે

'એક લડકી કો દેખા તો ઐસા લગા'માં પિતા-પુત્રી સાથે ચમકશે

ફિલ્મ નિર્માતા વિધુ વિનોદ ચોપડા હવે અનિલ કપુર અને પુત્રી સોનમ કપુરને લઈને ફિલ્મ બનાવી રહ્યા છે.

વિધુ વિનોદ ચોપડા અને રાજકુમાર હિરાનીની ફિલ્મ એક લડકી કો દેખા તો એસા લગા નામની ફિલ્મનુ શુટિંગ જોરદાર રીતે ચાલી રહ્યુ છે.

આ ફિલ્મ પહેલી ફેબ્રુઆરી ૨૦૧૯ના દિવસે રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મમાં અનિલ કપુર અને સોનમ કપુર ઉપરાંત રાજકુમાર રાવ પણ કામ કરી રહ્યો છે. સંજુ બાદ રાજકુમાર હિરાની આ ફિલ્મને લઈને હવે વ્યસ્ત બની ગયા છે. અનિલ કપુર અને સોનમ બંને ફિલ્મને લઈને આશાવાદી છે.

મળેલી માહિતી મુજબ આ ફિલ્મને વિધુની બહેન શૈલી ચોપડા નિર્દેશન કરી રહી છે. આ સંબંધમાં વાત કરતા વિધુ વિનોદ ચોપડાએ વિગત આપતા કહ્યુ છે કે આ એક ખુબ મોટી બાબત છે. તે આને લઈને ખુબ ઉત્સાહિત છે. અનિલ કપુરની સાથે ફિલ્મને લઈને તેઓ પહેલાથી જ આશાવાદી હતા.

અનિલ કપુર અને સોનમ એક સાથે કામ કરી રહ્યા છે. અનિલ કપુર તો વિતેલા વર્ષોમાં સુપર સ્ટાર તરીકે હતો. તેની બોલબાલા સમગ્ર ભારતમાં જોવા મળી હતી. તે વિતેલા વર્ષોમાં રામ લખન, કર્મા, ઈશ્વર જેવી અનેક ફિલ્મ કરી ચુક્યો છે.

બીજી બાજુ સોનમ કપુર હાલમાં યુવા પેઢીમાં લોકપ્રિય અભિનેત્રી છે. સંજય દત્તની બાયોપિક ફિલ્મમાં હાલમાં તે નજરે પડી હતી. જે રેકોર્ડ સફળતા હાંસલ કરી ગઈ હતી. સોનમ કપુર બોલિવુડમાં મોડલિંગને લઈને પણ લોકપ્રિય રહી છે. સોનમ કપુરે બોલિવુડ કેરિયરની શરૂઆત સાવરિયા મારફતે કરી હતી. આ ફિલ્મ મારફતે જ રણબીરે પણ પોતાની કેરિયર શરૂ કરી હતી. વિધુ વિનોદ ચોપડાની બહેનને લઈને પણ તે આશાવાદી છે.

હરસિદ્ધિ માતાજી મંદિર

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલા કલ્યાણપુર તાલુકાના હર્ષદ (ગોપવી) મુકામે આવેલાં હરસિદ્ધિ માતાના મંદિરનું અનેરું મહાત્મ્ય છે. આ મંદિર દરિયા કિનારાની પાસે આવેલા એક પર્વત પર બનેલું છે. જે કોયલા ડુંગર તરીકે પ્રસિદ્ધ છે. કોયલા ડુંગરની ટોચે અને ડુંગરની તળેટીમાં એમ બંને જગ્યાએ માતાજીનાં મંદિરો છે, જેનાં દર્શન કરી દરરોજ હજારો ભક્તો કૃતકૃત્ય થાય છે. આ બંને મંદિરો સાથે પૌરાણિક કથાઓ જોડાયેલી છે. હરસિદ્ધિ માં ને હર્શલ, હર્ષદ, હર્ષ, સિકોતેર અને વહાણવટી માતા જેવા નામો દ્વારા ઓળખાય છે. તેઓ ભગવાન શ્રીકૃષ્ણના કુળદેવી પણ છે.

શ્રીકૃષ્ણ ભગવાનનાં કુળદેવી કહેવાતાં હરસિદ્ધિ માતાનું કોયલા ડુંગર પર પ્રાગટ્ય કેવી રીતે થયું તેની કથા એવી છે કે બેટદ્વારકામાં રહેતા રાક્ષસ શંખાસુરને હણવા માટે ભગવાન શ્રીકૃષ્ણએ તેમનાં કુળદેવી હરસિદ્ધિ માતાની કોયલા ડુંગર પાસે પૂજા-અર્ચના કરી. શ્રીકૃષ્ણની ભક્તિથી પ્રસન્ન થયેલી માતા કોયલા ડુંગર પર પ્રગટ થયાં અને શ્રીકૃષ્ણને કહ્યું કે તમે તો ત્રિભુવનના નાથ છો, સર્વશક્તિમાન છો, છતાં મને કેમ યાદ કરી? ત્યારે શ્રીકૃષ્ણએ માતાને વિનંતી કરી કે બેટદ્વારકામાં રહેતા રાક્ષસ શંખાસુરને હણવા માટે મારે તમારી સહાયતાની જરૂર છે. માતાજીએ વચન આપ્યું કે જ્યારે તમે છપ્પનકોટિ યાદવો સાથે શંખાસુરને હણવા જશો ત્યારે દરિયાકિનારે ઊભા રહીને મારું સ્મરણ કરશો ત્યારે હું તમને મદદ કરવા આવી પહોંચીશ.

માતાજીના આશીર્વચન પ્રાપ્ત થતાં છપ્પનકોટિ યાદવો અને શ્રીકૃષ્ણએ મળીને કોયલા ડુંગરની ટોચ પર હરસિદ્ધિ માતાનું સ્થાપન કર્યું. કોયલા ડુંગરની ટોચ પર આવેલા મંદિરે જવા માટે ૪૦૦ જેટલાં પગથિયાં છે અને ઉપર પહોંચીને દર્શન કરનારને માતાજીનાં દર્શનની સાથે પ્રકૃતિનું પણ અનેરું સ્વરૂપ જોવા મળે છે, કારણ કે તળેટીમાં અરબી સમુદ્ર દ્રષ્ટિમાન થાય છે. ટોચ પરથી માતાજી નીચે કેવી રીતે આવ્યાં તેની પણ પૌરાણિક કથા ખરે રસપ્રદ છે.

એક એવી લોકવાયકા હતી કે દરિયામાં વેપારઅર્થે નીકળતાં વહાણ જ્યારે કોયલા ડુંગર પાસે માતાજીના મંદિરની સન્મુખ આવે ત્યારે તેમનું સ્મરણ કરીને દરિયામાં નાળિયેર પધરાવવું પડતું, જેથી તેમની આગળની મુસાફરી નિર્વિઘ્ને પાર પડે. એકવાર કચ્છના વેપારી જગડુશા તેમનાં સાત વહાણોમાં માલ ભરીને વેપારઅર્થે દરિયો ખેડવા નીકળ્યા પરંતુ તેઓ માતાજીની સન્મુખ આવતા આહુતિ આપવાનું ભૂલી ગયા એટલે તેમનાં છ વહાણ ડૂબી ગયાં. સાતમું વહાણ બચાવી લેવા માટે જગડુશાએ માતાજીને ભાવભરી પ્રાર્થના કરી, જેનાથી માતાજી પ્રસન્ન થયાં અને વરદાન માગવા કહ્યું. તે જ સમયે જગડુશાએ કહ્યું કે માતાજી તમે ડુંગરની ટોચ પરથી તળેટીમાં પધારો અને આજ પછી કોઈનાં વહાણ ડૂબે નહીં તેવું કરો.

માતાજીએ જગડુશાની કસોટી કરવા માટે કહ્યું કે જો તું દરેક પગથિયે મને બલિ ચઢાવે તો હું નીચે આવું. જગડુશાએ માતાજીની શરત માન્ય રાખી અને દરેક પગથિયે એક-એક પશુનો બલિ આપતા ગયા, પણ છેલ્લાં ચાર પગથિયાં બાકી હતાં ત્યારે બલિ ખૂટી ગયા એટલે જગડુશાએ પોતાના દીકરા, બે પત્નીઓનો બલિ આપ્યો અને છેલ્લા પગથિયે પોતાનો બલિ આપ્યો. આખરે માતાજી તેમની ભક્તિથી પ્રસન્ન થયાં અને જગડુશા, તેમનો દીકરો, બંને પત્નીઓ તથા તમામ બલિઓને સજીવન કર્યા અને જગડુશાએ માતાજીનું મંદિર ડુંગરની તળેટીમાં બંધાવ્યું. આજે પણ આ મંદિરનું ભારે મહાત્મ્ય છે.

બીજી પણ એક લોકવાયકા એવી છે કે મહારાજા વિક્રમાદિત્યે તપશ્ચર્યા કરીને દેવીને પ્રસન્ન કર્યા અને તેમને પોતાની સાથે ઉજ્જૈન લઈ ગયાં.આમ માતાજીનો વાસ દિવસ દરમ્યાન ઉજ્જૈનના હરસિદ્ધ મંદિરમાં અને રાત્રી દરમ્યાન દ્વારકા જીલ્લાના હરસિદ્ધ મંદિરમાં હોય છે. માતાજી અહી પધારે તે વખતે હિંડોળાનો અવાજ થાય ત્યાર બાદ જ આરતી કરવામાં આવે છે અને ત્યારબાદ જ દર્શન થાય છે.

બંને મંદિરોના મુખ્ય પીઠ પર સરખા મંત્ર તેમ જ પાછળથી દેવીની મૂર્તિઓ લગભગ સરખી છે. હરસિદ્ધ માતાનું મંદિર માત્ર સમચોરસ ગર્ભગૃહનું બનેલું છે. તેની દીવાલો તદ્દન સાદી છે. તેની રચનામાં ભૂમિ સમાંતર થર છે. જે ટોચે પહોંચતા પહોંચતા સાંકડા બનતા જાય છે તે તેની ખાસીયત છે. મંદિરના શિખર ઉપરની અધિષ્ઠારી ટોચ જો કે આજે અસ્તિત્વ ધરાવતી નથી, આ મંદિર ટેકરીની ટોચે આવેલું છે. અત્યારે જે મંદિર છે તે લગભગ બારમાં શૈકામાં બનેલું હોય તેવું માનવામાં આવી રહ્યું છે.

હરસિદ્ધિ મંદિરની બારશાખને સુંદર અને સુશોભિત કરેલી છે.બારશાખમાં દેવદે વીઓની તકતી શિલ્પમાં ધ્યાન ખેંચે છે.દ્વારસાખ ઉપર પણ તકતીઓ ધ્યાન ખેંચે તેવી છે. અત્યારે દરિયાની ખારી હવાને લીધે શિલ્પનો નીચેનો કેટલોક ભાગ તૂટેલો જણાય છે મંડપમાં ચાર ખૂણામાં ચાર અને બાકીના આઠ થાંભલા ઉપર મંડપ રચાયો હોય તેવું જણાય છે.તેથી તો આ મંદિર પુરાતત્વવિદોને પણ આકર્ષિત કરે તેવું છે.

હરસિદ્ધિ માતા પરમાર રાજપુતો, ત્રિવેદી ભૂદેવો અને બીજા ઘણા બધા કુટુંબમાં કુળદેવી તરીકે પૂજાય છે. તેમનામાં શ્રદ્ધા ધરાવતા અનેક લોકો તેમની માનતા માને છે. અને બાધા ઉતરાવવા માટે આ સ્થળે આવે છે. તેથી આ મંદિરનું જેટલું ધાર્મિક મહત્વ રહેલું છે તેટલું જ તેના દરિયા કિનારાનું આકર્ષણ રહેલુ છે. અહિનો દરિયા કિનારો ખુબ જ નયનરમ્ય છે. મંદિરની પાછળ એક કિલોમીટર દુર સુધી રેતીવાળો છીછરો દરિયા કિનારો જોવા મળે છે.

ઓક્ટોબર ૧૨ આજની તારીખે

સમાજવાદી ચળવળના વિચારક ડો. રામમનોહર લોહિયા

- જન્મ : તા. ૨૩ માર્ચ, ૧૯૧૦
- અવસાન : તા. ૧૨ ઓકટોબર, ૧૯૬૭
- જન્મ સ્થળ : અકબરપુર

સમાજવાદી ચળવળમાં અનન્ય ફાળો આપનાર ડૉ. રામમનોહર લોહિયાનો જન્મ ૨૩ માર્ચ ૧૯૧૦નાં રોજ થયો હતો. મારવાડી વિદ્યાલય મુંબઈમાં એસ.એસ.સી. કર્યા બાદ કલકત્તામાં બી.એ. થયા. ૧૯૩૨માં બર્લિન યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં તેઓ પીએચ.ડી.ની ઉપાધિ મેળવી. તેમનો વિષય હતો સોલ્ટ એન્ડ સત્યાગ્રહ. અહીં તેમણે માર્કર્સ અને હેગલ સાહિત્યનો અભ્યાસ કર્યો. ફાસીસ્ટ મુડીવાદી વિરોધી ડૉ. લોહિયા સમાજવાદના ચોક્કસ ધ્યેય સાથે બર્લીન છોડ્યું. ૧૯૩૬માં વિદેશ વિભાગમાં તેઓ સચિવ બન્યા અને ભારતની વિદેશનીતિ અને રાજકીય સંબંધો પર તેમણે અનેક પુસ્તકો લખ્યાં.

બીજું વિશ્વયુધ્ધ ફાટી નીકળ્યું ત્યારે યુ.કે.ને યુધ્ધમાં ટેકો આપ્યો. ૧૯૩૯માં કોંગ્રેસ સમિતિએ ઠરાવ કર્યો જેનો લોહિયાએ વિરોધ કર્યો. વિરોધી પ્રચાર માટે તેમની ધરપકડ થઈ. ભારત છોડો ચળવળમાં વ્યક્તિગત સત્યાગ્રહના આંદોલનમાં મોટા ભાગના કોંગ્રેસી નેતાઓની ધરપકડ થઈ. પરંતુ લોહિયા થાપ આપી છટકી ગયા. અચ્યુત પટવર્ધન અને અન્યની સાથે ડૉ. લોહિયાએ પોતાના સમાજવાદી વિચારો અમલમાં મુકવાનો પ્રયાસ કર્યો. ૧૯૪૭માં કોંગ્રેસ કારોબારીમાં ભારતના ભાગલાની ચર્ચા કરવામાં આવી ત્યારે ડૉ. લોહિયાએ તેનો વિરોધ કર્યો. અલબત્ત તેમના પ્રમુખપદ હેઠળનાં સમાજવાદી પક્ષે તટસ્થ વલણ અપનાવ્યું. ૧૯૪૮માં સમાજવાદીઓએ કોંગ્રેસ છોડવા નિર્ણય કર્યો. ત્યાર પછીના વરસે હિંદ કિસાન પંચાયત રચાઈ અનો લોહિયા તેના પ્રથમ પ્રમુખ બન્યા. તેમના પ્રમુખકીય ભાષણોમાં તેમણે ગરીબીના અંત માટે ૧૩ મુદ્દાનો કાર્યક્રમ સૂચવ્યો. ૧૯૫૨માં પ્રજા સમાજવાદી પક્ષની સ્થાપના થઈ અને બીજા વર્ષે ડૉ. લોહિયા તેના મહામંત્રી પદે ચૂંટાયા. ૧૯૫૫માં હૈદરાબાદમાં સમાજવાદીઓ ભેગા મળ્યા અને નવો સમાજવાદી પક્ષ રચાયો જેના પ્રમુખ ડૉ. લોહિયા બન્યા. ૧૯૫૭ અને ૧૯૬૨માં તેઓ ચૂંટણી લડ્યા. પરંતુ બન્ને વખત પરાજય પામ્યા. તેઓનું ૧૨ ઓક્ટોબર ૧૯૬૭નાં રોજ અવસાન થયું ત્યારે તેઓ તેમની પાછળ કુટુંબ મિલ્કત કઈ છોડી ન ગયા, ફક્ત તેમના વિચારો છોડી ગયા.